Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કૅન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો: સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેદ્યાગ્નિકર્મ, પંચકર્મ, EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અચુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ છઠ બુધવાર ૮ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૦

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦




## વૈશ્વિક બજારમાં કડાકો, ક્રૂડ ઓઈલ $116 ને પાર

**વોલ** સ્ટ્રીટ પર એસ એન્ડ પી 500 ઇન્ડેક્સ 0.7 ટકા અને ડાઉ જોન્સ 210 પોઈન્ટ્સ ગગડ્યા

**બ્રેન્ટ** ક્રૂડ 110.55 ડોલર પર જ્યારે અમેરિકી ક્રૂડ 116.83 ડોલર પર પહોંચ્યુ

ન્યૂયોર્ક, તા. 7 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનના પાવર પ્લાન્ટ્સ અને પુલોને નષ્ટ કરવા માટે આપવામાં આવેલી ડેડલાઈન નજીક આવતા વૈશ્વિક બજારમાં ભારે અફરાતફરી જોવા મળી રહી છે.

ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાન હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) ખોલવાની શરત નહીં માને, તો આજે રાત્રે 'આખી સભ્યતાનો અંત આવશે'. આ શરત પૂરી કરવા માટે ટ્રમ્પે ભારતીય સમય મુજબ બુધવારની સવારે 5.30 વાગ્યાની ડેડલાઈન આપી છે.

આ તણાવના પગલે મંગળવારે

...અનુસંધાન પાના 11 પર

# આખી સંસ્કૃતિ આજે રાત્રે નાશ પામશે: ટ્રમ્પની ઈરાનને ધમકી

**ડેડલાઇન** પુરી થતા સુધીમાં ઇરાન હોર્મુઝનો માર્ગ નહીં ખોલે તો ઇરાનના પાવર પ્લાન્ટ્સ અને પુલોનો નાશ કરવાની ચિમકી

**ઇરાનના** પ્રમુખે કહ્યું ' 'મારા સહિત ૧૪૦ લાખ લોકો સ્વયંસેવક તરીકે લડવા તૈયાર''

**પાવર** પ્લાન્ટો નજીક માનવ સાંકળો રચવા લોકોને ઇરાની અધિકારીઓની વિનંતી

**ઇરાનમાં** રેલ નેટવર્ક પર ઇઝરાયેલના હુમલા, અમેરિકાનો ખર્ગ ટાપુ પર ફરીથી હુમલો, ઇઝરાયેલ અને સાઉદી અરેબિયા પર ઇરાનના હુમલા

તેહરાન, તા. ૭(એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે ચેતવણી આપી હતી કે જો ઈરાન કરાર માટેની તેમની નવીનતમ સમયમર્યાદા પૂરી નહીં કરે, તો આખી સંસ્કૃતિ આજે રાત્રે મરી જશે. આ પ્રસ્તાવિત કરારમાં અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી ખોલવાની

...અનુસંધાન પાના 11 પર

## ટ્રમ્પની ધમકીનો અમલ યુદ્ધ અપરાધ ગણાશે: વિશ્વનેતાઓની ચેતવણી

અનેક વિશ્વનેતાઓ અને નિષ્ણાતોએ જણાવ્યું છે કે પાવર પ્લાન્ટો અને અન્ય સુવિધાઓને નષ્ટ કરવાનું કૃત્ય યુદ્ધ ગુનો ગણાશે. ફ્રેન્ચ વિદેશ મંત્રી જીન-નોએલ બેરોટે પણ સંયમ રાખવાની વધતી જતી આંતરરાષ્ટ્રીય અપીલમાં સુર પુરાવતા જણાવ્યું હતું કે, નાગરિકો અને ઉર્જા માળખાગત સુવિધાઓને નિશાન બનાવીને

...અનુસંધાન પાના 11 પર

### તેહરાને અમેરિકા સાથે મંત્રણાના તમામ દરવાજા બંધ કરી દીધા

ટ્રમ્પ દ્વારા ઈરાનને હોર્મુઝની સામુદ્રધુની ખોલવા માટે આપવામાં આવેલી સમયસીમાના ગણતરીના કલાકો પહેલા જ તેહરાને મંત્રણાના તમામ દરવાજા બંધ કરી દીધા છે. ઈરાની મીડિયા આઉટલેટ 'તેહરાન ટાઈમ્સ'

...અનુસંધાન પાના 11 પર

### ઇરાનીઓએ માનવ સાંકળ બનાવવાની શરૂ કરી દીધું

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે, ઈરાનના નાગરિકોએ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના રક્ષણના પ્રતીકાત્મક પ્રયાસરૂપે મુખ્ય પાવર પ્લાન્ટ્સની આસપાસ માનવ સાંકળો બનાવવાનું શરૂ કર્યું છે. દેશના ઉર્જા મથકોને

...અનુસંધાન પાના 11 પર

### જાણીતા ઇરાની સંગીતકારનું એક પાવર પ્લાન્ટ પાસે પર્ફોમન્સ

પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભૂરાજકીય તણાવ અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનના પાવર પ્લાન્ટ્સ પર હુમલો કરવાની સીધી ધમકી બાદ, ઈરાનના એક જાણીતા કલાકારે શસ્ત્રો સામે સંગીતને હથિયાર બનાવ્યું છે. જાણીતા ઈરાની સંગીતકાર અલી ઘમસારીએ સંભવિત હુમલાના નિશાના હેઠળ રહેલા 'દમાવંદ પાવર પ્લાન્ટ'ની બહાર બેસીને પોતાનું પરંપરાગત વાદ્ય વગાડી શાંતિની અપીલ કરી છે. કલા દ્વારા પ્રતિકાર: ઈરાની કલાકાર અલી ઘમસારીએ ઈરાનના પરંપરાગત સંગીત વાદ્ય 'તાર'(Taar) સાથે

...અનુસંધાન પાના 11 પર

# મણિપુર ફરી સળગ્યું: બોમ્બ હુમલામાં બે બાળકોનાં મોત પછી ભારે તનાવ

**બિષ્ણુપુર** જિલ્લામાં એક ઘર પર બોમ્બ ફેંકાયો, બાળકોની માતા ઇજાગ્રસ્ત

**આ** હુમલા પછી સ્થાનિકોમાં ભારે રોષ, અનેક સ્થળે વિરોધ પ્રદર્શનો, વાહનોને આગ ચંપાઇ






ઈમ્ફાલ, તા. 7: મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં મંગળવારે થયેલા બોમ્બ હુમલામાં બે બાળકોનાં મોત થયા હતા અને તેમની માતા ઘાયલ થઈ હતી, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા, તેમ પોલીસે જણાવ્યું હતું.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા પ્રમાણે આ ઘટના સોમવાર-મંગળવારની મધરાત પછી રાત્રે લગભગ 1 વાગ્યે બની હતી જ્યારે મોઈરાંગ ત્રોંગલાઓબી વિસ્તારમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓ દ્વારા એક ઘર પર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આ હુમલામાં 5 વર્ષનો છોકરો અને છ મહિનાની બાળકીનું મોત નીપજ્યું હતું. આ હુમલામાં આ બાળકોની માતા ઇજાગ્રસ્ત થઇ હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, જ્યારે ઘરમાં બોમ્બ વિસ્ફોટ થયો ત્યારે બંને બાળકો અને તેમની માતા બેડરૂમમાં સૂઈ રહ્યા હતા.

મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંહે આ હુમલાને જંગલી કૃત્ય ગણાવ્યું હતું અને લોકોને ખાતરી આપી હતી કે આ ગુના માટે જવાબદાર લોકોને શોધી કાઢવામાં આવશે અને કાયદા હેઠળ તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

...અનુસંધાન પાના 11 પર




### અખિલેશ યાદવનો સામાજિક સમરસતાનો નવો પ્રયોગ

માત્ર ઈદ મિલન અને 'ઈફ્તાર' કાર્યક્રમોમાં હાજરી આપવા અને હોળી મિલનના કાર્યક્રમોની કથિત ઉપેક્ષા કરવા બદલ રાજકીય વિરોધીઓના નિશાના પર આવેલા સમાજવાદી પાર્ટીના વડા અને લોકસભા સાંસદ અખિલેશ યાદવે ટીકાકારોને શાંત કરવા માટે એક નવો દાવ ખેલ્યો.

તેમને જડબાતોડ જવાબ આપવા માટે યાદવે લખનઉમાં પાર્ટીના મુખ્યાલય પર અને ત્યાર બાદ દિલ્હીમાં પણ 'ગુજિયા-સેવૈયા' (જે હોળી અને ઈદનું પ્રતીક છે) સામાજિક સમરસતા ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ એક સાંસ્કૃતિક ઉત્સવમાં ફેરવાઈ ગયો હતો જેમાં લોકગીતો અને 'કવાલી'ના જીવંત પ્રદર્શન થયા હતા. જોકે, સ્ક્રીન પર ચાલતા વીડિયોમાં પણ યાદવના ગુણગાન ગાવામાં આવ્યા હતા. હોળી અને ઈદની શુભેચ્છાઓની આપ-લે કરવા ઉપરાંત, કલાકારોએ તેમને ૨૦૨૭માં ઉત્તર પ્રદેશમાં યોજનારી વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રી બનવા માટેની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આ પ્રસંગમાં મીઠાશ ઉમેરવા અને માત્ર પ્રતીકવાદથી આગળ વધવા માટે મહેમાનોને 'ગુજિયા', 'સેવૈયા', 'છોલે-ભટૂરે' અને 'બાટી-ચોખા' પીરસવામાં આવ્યા હતા. રાજકીય રીતે અત્યંત મહત્ત્વના ઉત્તર પ્રદેશમાં હવે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, જે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં ખૂબ જ નિર્ણાયક માનવામાં આવે છે,

...અનુસંધાન પાના 11 પર

### તા. ૦૭-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| 33.૪° સે. | ૨૪.૮° સે. | ૫૬% |

# સબરીમાલા વિવાદ: મહિલાઓના પ્રવેશ પરના નિયંત્રણોને કેન્દ્રનો સુપ્રીમમાં ટેકો

**કેરળના** આ મંદિરમાં મહિલાઓના પ્રવેશ પરના પ્રતિબંધને ફગાવતા સુપ્રીમના ચુકાદા સામેની સમીક્ષા અરજીઓ પર સુનાવણી શરૂ

**કેન્દ્ર** સરકારે દલીલ કરી કે આ ધાર્મિક આસ્થાનો વિષય છે અને તે અદાલતી સમીક્ષાના કાર્યક્ષેત્રની બહાર છે

નવી દિલ્હી, 7 એપ્રિલ (PTI): કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ ભારપૂર્વક દલીલ કરી હતી કે સબરીમાલા મંદિરમાં 10 થી 50 વર્ષની વયની મહિલાઓના પ્રવેશ પરના પ્રતિબંધનો મુદ્દો ધાર્મિક આસ્થા તેમજ સંપ્રદાયની સ્વાયત્તતાના દાયરામાં આવે છે અને તે ન્યાયિક સમીક્ષાના કાર્યક્ષેત્રની બહાર છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના વડપણ હેઠળની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે વિવિધ ધર્મોમાં ધાર્મિક સ્થળોએ મહિલાઓ સામે થતા ભેદભાવને લગતી અરજીઓ પર સુનાવણી શરૂ કરી હતી. કેરળમાં આગામી મહત્વપૂર્ણ વિધાનસભા ચૂંટણીઓ પહેલા આ કાર્યવાહી શરૂ થઈ હોવાથી તેનું મહત્વ વધી ગયું છે, જ્યાં સબરીમાલા મંદિર આવેલું છે. સુપ્રીમ કોર્ટે 2018માં 4:1 ના બહુમતી ચુકાદા દ્વારા સબરીમાલા મંદિરમાં તમામ વયની મહિલાઓના પ્રવેશને મંજૂરી આપી હતી. હાલની 9 જજોની બેંચ તે ચુકાદાની સમીક્ષા માટેની અરજીઓ પર સુનાવણી કરી રહી છે.

બંધારણની કલમ 25 હેઠળ ધાર્મિક સ્વતંત્રતાના અધિકારનો ઉલ્લેખ કરતા, કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે જો ધાર્મિક પ્રથાઓ 'જાહેર વ્યવસ્થા', 'નૈતિકતા' અને 'સ્વાસ્થ્ય'નું ઉલ્લંઘન કરતી હોય તો અદાલતો હંમેશા હસ્તક્ષેપ કરી

...અનુસંધાન પાના 11 પર

## મહિલા ત્રણ દિવસ માટે અસ્પૃશ્ય કઇ રીતે રહે?: જસ્ટિસ નાગરત્ના

નવી દિલ્હી, તા. ૭: સુપ્રીમ કોર્ટમાં સબરીમાલા મંદિર પ્રકરણમાં મહિલાઓના પ્રવેશ અંગે ચાલી રહેલી સમીક્ષા અરજીઓની સુનાવણી દરમિયાન જસ્ટિસ બી.વી. નાગરત્નાએ અત્યંત ધારદાર અને નોંધપાત્ર અવલોકન કર્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, કોઈ મહિલાને મહિનાના ત્રણ દિવસ 'અછૂત' ગણી શકાય નહીં અને પછી ચોથા દિવસે તે અચાનક પવિત્ર થઈ જાય તે તર્ક સ્વીકાર્ય નથી. જસ્ટિસ નાગરત્નાએ બંધારણના અનુચ્છેદ 17 (અસ્પૃશ્યતા નાબૂદી) નો ઉલ્લેખ કરતા કહ્યું કે, એક મહિલા હોવાના નાતે હું એ કહેવા માંગીશ કે એવું ન હોઈ શકે કે મહિનામાં ત્રણ દિવસ સુધી મહિલાને 'અછૂત' માનવામાં આવે અને ચોથા દિવસે તે અસ્પૃશ્યતા અચાનક ગાયબ થઈ જાય. તેમણે આ મામલે અસ્પૃશ્યતા વિરોધી કાયદાની દલીલો કેવી રીતે રજૂ કરવામાં આવી રહી છે તે અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

સુનાવણી દરમિયાન તેમણે ઉમેર્યું કે જો કોઈ સામાજિક બદી કે કુરિવાજને 'ધાર્મિક પ્રથા' તરીકે ઓળખાવવામાં આવતી હોય, તો અદાલત પાસે એ સત્તા છે કે તે ધાર્મિક માન્યતા અને સામાજિક અનિષ્ટ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી શકે. તેમણે અનુચ્છેદ 25 અંગે પણ મંતવ્ય આપતા જણાવ્યું કે બંધારણ વર્તમાન પરંપરાઓ અને ભવિષ્યના સુધારા વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે ભારતનો સમાજ એટલો પિતૃસત્તાક નથી જેટલો પશ્ચિમી દેશો સમજે છે. તેમણે 2018ના એ ચુકાદા સામે વાંધો ઉઠાવ્યો હતો જેમાં માસિક ધર્મને આધારે પ્રવેશબંધીને અસ્પૃશ્યતાનું એક સ્વરૂપ ગણાવ્યું હતું.

# 10% પરિવારો પાસે દેશની 44% જમીન

**ગ્રામીણ** જમીનની ૧૮ ટકા માલિકી માત્ર ટોચના ૧ ટકા પરિવારો પાસે, ૪૬ ટકા ગ્રામીણ પરિવારો જમીનવિહોણા

**વર્લ્ડ** ઇનઇક્વાલિટી લેબ દ્વારા બહાર પાડવામાં આવેલા વર્કિંગ પેપરમાં ભારતમાં જમીન માલિકીની અસમાનતાની ચોંકાવનારી વિગતો

નવી દિલ્હી, તા. ૭(પીટીઆઇ): વર્લ્ડ ઇનઇક્વાલિટી લેબ દ્વારા બહાર પાડવામાં આવેલા એક વર્કિંગ પેપર અનુસાર, ભારતના ટોચના ૧૦ ટકા ગ્રામીણ પરિવારો ૪૪ ટકા જમીન ધરાવે છે, જ્યારે ૪૬ ટકા ગ્રામીણ પરિવારો જમીનવિહોણા છે. 'લેન્ડ ઇનઇક્વાલિટી ઇન ઇન્ડિયા: નેચર, હિસ્ટ્રી, એન્ડ માર્કેટ્સ' શીર્ષક ધરાવતા આ પેપરમાં વધુમાં જણાવાયું છે કે, ટોચના ૫ ટકા પરિવારો ૩૨ ટકા જમીન ધરાવે છે, જ્યારે ગ્રામીણ જમીનની ૧૮ ટકા માલિકી માત્ર ટોચના ૧ ટકા પરિવારો પાસે છે.

આ પેપર નીતિન કુમાર ભારતી, ડેવિડ બ્લેક્સલી અને સમરીન મલિક દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે, જે ભારતમાં જમીન માલિકી પરના અત્યાર સુધીના સૌથી મોટા ડેટાસેટ્સ પૈકીના એક પર આધારિત છે. આ અભ્યાસમાં ૨,૭૦,૦૦૦ ગામડાઓના આશરે ૬૫ કરોડ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પેપરમાં જણાવાયું છે કે, જ્યારે જમીનવિહોણા પરિવારોને ગણતરીમાં લેવામાં આવે છે, ત્યારે સરેરાશ ગ્રામીણ જમીનનો 'ગિની ઇન્ડેક્સ' (૦-૧૦૦ ના સ્કેલ પર અસમાનતા માપતો આંક) ૭૧ પર પહોંચે છે. સરેરાશ રીતે, સૌથી મોટો જમીનધારક ગામની અંદાજે ૧૨ ટકા જમીન પર નિયંત્રણ ધરાવે છે, અને કેટલાક ગામોમાં તો એક જ માલિક પાસે ખેતીલાયક જમીનનો અડધાથી વધુ હિસ્સો છે.

વર્લ્ડ ઇનઇક્વાલિટી લેબ (WIL) એ પેરિસ સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ

...અનુસંધાન પાના 11 પર

### જમીન માલિકીની અસમાનતા પર ઐતિહાસિક પરિબળોની વ્યાપક અસર

ઐતિહાસિક પરિબળોની અસરો વિશે જણાવતા પેપરમાં કહેવાયું છે કે, જે ગામો સીધા બ્રિટિશ શાસન હેઠળ હતા ત્યાં ભારતીય શાસકોના શાસન હેઠળના ગામોની સરખામણીમાં જમીન અસમાનતા વધુ જોવા મળે છે. પેપરમાં સામાજિક સ્તરીકરણ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે અને જણાવ્યું છે કે, જે ગામોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો હિસ્સો વધુ છે ત્યાં જમીન વિહોણા હોવાનું પ્રમાણ પણ વધુ છે, જે ઉત્પાદક અસ્કયામતો સુધી પહોંચવામાં સામાજિક વંશવેલો કેટલી ઊંડી ભૂમિકા ભજવે છે તે દર્શાવે છે. જો કે, કેરળ અને પશ્ચિમ બંગાળ આમાં નોંધપાત્ર અપવાદ છે, જ્યાં લાંબા સમયથી ડાબેરી પક્ષોનું શાસન રહ્યું છે. અંતમાં પેપર અભિપ્રાય આપે છે કે બજારની પહોંચ ઐતિહાસિક રીતે જડાયેલી અસમાનતાઓને સંપૂર્ણપણે દૂર કરી શકતી નથી; શહેરો, રસ્તાઓ અને બજારોની નિકટતા પણ કુદરતી અને ઐતિહાસિક પરિબળો દ્વારા નિર્મિત જમીન અસમાનતાને બદલવા માટે પૂરતી નથી.

**કુદરતના પ્રકોપરૂપે કમોસમી વરસાદે ખેડૂતોની કમર તોડી**

# ગુજરાતમાં ભરઉનાળે ૩૭ તાલુકામાં તોફાની માવઠું

**અરવલ્લી**, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને ભાવનગર સહિતના વિસ્તારોમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદ પડ્યો

ગાંધીનગર: ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વાતાવરણમાં આવેલા અચાનક પલટાએ સમગ્ર રાજ્યમાં હાહાકાર મચાવ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના સરેરાશ ૩૭ તાલુકામાં હળવાથી ભારે વરસાદ નોંધાયો છે. અરવલ્લી, સાબરકાંઠા,

...અનુસંધાન પાના 11 પર

### ક્યાં કેટલો વરસાદ? (સાંજે ૬ વાગ્યા સુધીના આંકડા)

- અરવલ્લી: સાઠંબામાં સૌથી વધુ સવા ઈંચ, મોડાસા અને બાયડમાં અડધો ઈંચ.
- ગાંધીનગર: માણસામાં ૧ ઈંચ વરસાદ.
- સાબરકાંઠા: હિંમતનગરમાં ૧ ઈંચ, તલોદ અને વડાલીમાં પણ નોંધપાત્ર વરસાદ.
- મહેસાણા: વિજાપુર અને મહેસાણા શહેરમાં ૧૮ મીમી.
- ભાવનગર: શહેરમાં ૧૬ મીમી વરસાદ સાથે ધોધમાર માવઠું.

### વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આજે કયા જિલ્લાઓમાં 40 કિ.મી.ની ઝડપે પવન ફુંકાવા સાથે વરસાદ પડશે?

- ઉત્તર અને મધ્ય ગુજરાત: બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર.
- દક્ષિણ ગુજરાત: વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, તાપી અને ડાંગ.
- સૌરાષ્ટ્ર-કચ્છ: સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, બોટાદ અને કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાં પડી શકે છે.